# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

## પ્રોવિઝનલ આન્સર કી

| | |
|---|---|
| જાહેરાત ક્રમાંક | ૧૮૬/૨૦૨૦૨૧ |
| સંવર્ગનું નામ | નાયબ નિરીક્ષક (નશાબંધી), વર્ગ-3 |
| પરીક્ષા તારીખ | ૩૧-૦૭-૨૦૨૨ |
| પેપર કોડ | **GIK** |
| પ્રશ્નો | ૧ થી ૧૦૦ |
| પ્રોવિઝનલ આન્સર કી તારીખ | ૦૧-૦૮-૨૦૨૨ |
| ઓબ્જેક્શન આપવાની તારીખ: | ઓનલાઇન ઓબ્જેક્શન પધ્ધતિની તારીખ હવે પછી જાહેર કરવામાં આવશે. જે તારીખથી પાંચ દિવસમાં ઓબ્જેક્શન અપલોડ કરવાના રહેશે. |

ParikṣaPath . pariksapath.in

**001.** ટ્રાઇનાઇટ્રો ટોલ્યુઇન નીચે પૈકી શું છે

(A) વિસ્ફોટક (B) રાસાયણિક ખાતર

(C) કીટનાશક (D) ફૂગ નાશક

**002.** કેટેનેશનની પ્રક્રીયા નીચે પૈકી શું છે ?

(A) ધન આયનોનું નિર્માણ

(B) ધન આયનોનું નિક્ષેપણ

(C) સમાન પરમાણુઓની લાંબી શ્રૃંખલાનું નિર્માણ

(D) સહ-સંયોજક બંધનું નિર્માણ

**003.** પેટ્રોલિયમ નીચે પૈકી શેમા મળી આવે છે ?

(A) આગ્નેય ખડકોમાં (B) પ્રસ્તર ખડકોમાં

(C) રૂપાંતરિત ખડકોમાં (D) માર્શી લેન્ડમાં

**004.** લિટમસ પેપર નીચે પૈકી શેમાંથી પ્રાપ્ત થાય છે

(A) લીલ (B) લાયકેન (C) બેક્ટેરિયા (D) ફૂગ

**005.** થાઇરોઇડ થી નિકળવાવાળો હોર્મોન થાઇરોક્સિન નીચે પૈકી શું છે ?

(A) ફિનોલ (B) સ્ટીરોલ (C) ગ્લાયકોલીપીડ (D) પોલીપેપ્ટાઇડ

**006.** એક સામાન્ય મનુષ્યમાં કેટલા ગુણસુત્ર હોય છે ?

(A) ૪૩ (B) ૪૪ (C) ૪૫ (D) ૪૬

**007.** ભારતમાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ ક્યારે મનાવવામાં આવે છે ?

(A) ૨૨ એપ્રિલ (B) ૨૮ ફેબ્રુઆરી (C) ૫ જૂન (D) ૧૨ સપ્ટેમ્બર

**008.** નિમ્નલિખિત જોડકા જોડો:

| સૂચિ – ૧<br>વાઘ અભ્યારણ્ય | સૂચિ – ૨<br>ક્ષેત્ર |
|---|---|
| અ. રણથંભોર | ૧. અસમ |
| બ. માનસ | ૨. ઝારખંડ |
| ક. નાગાર્જુન સાગર | ૩. આન્ધ્ર પ્રદેશ |
| ડ. પાલામૌ | ૪. રાજસ્થાન |
| ઇ. ઇંદ્રાવતી | ૫. છત્તીસગઢ |

| | અ | બ | ક | ડ | ઇ |
|---|---|---|---|---|---|
| (A) | ૪ | ૧ | ૩ | ૨ | ૫ |
| (B) | ૪ | ૨ | ૧ | ૩ | ૫ |
| (C) | ૧ | ૪ | ૩ | ૫ | ૨ |
| (D) | ૩ | ૧ | ૪ | ૨ | ૫ |



PariksaPath . pariksapath.in

**009.** નીચેના કથનો પર વિચાર કરો

કથન (A) : હમણાંના થોડા વર્ષોમાં માનવ ગુણસુત્ર ૨૧ ના સિક્વન્સિંગથી માલૂમ પડેલ છે કે ગુણસુત્ર ૨૨ ની સાપેક્ષે આમાં જીનની સંખ્યા ઘણી ઓછી હોય છે.

કારણ (R) : આમાં ઘણા વધુ અનુપયોગી DNA (Junk DNA) હોય છે, જેમાં ઘણી માત્રામાં RNA અને પ્રોટીન હોય છે.

ઉક્ત વિગતને ધ્યાનમાં રાખતા નીચેના વિકલ્પો ધ્યાનમાં લેવાના રહેશે :

(A) (A) અને (R) બન્ને સાચા છે અને (R) એ (A) ની સાચી વ્યાખ્યા કરે છે

(B) (A) અને (R) બન્ને સાચા છે અને (R) એ (A) ની સાચી વ્યાખ્યા કરતુ નથી

(C) (A) સાચું છે, (R) ખોટું છે

(D) (R) સાચું છે, (A) ખોટું છે

**010.** નીચે પૈકી કયા છોડ કીટનાશક તરીકે ઉપયોગમાં લેવાય છે ?

(૧) પાયરેથ્રમ (Pyrethrum)

(૨) ડેરિસ (Derris)

(૩) સૈફ્લાવર (Safflower)

(૪) ટેફ્રોસિયા (Tephrosia)

ઉક્ત સંદર્ભે નીચે પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો :

(A) ફક્ત ૧ (B) ફક્ત ૨ અને ૪

(C) ફક્ત ૧, ૨ અને ૪ (D) ફક્ત ૧, ૩ અને ૪

**011.** માનવ શરીરમાં સંતુલન નીચે પૈકી કોણ સ્થાપિત કરે છે ?

(A) હાઇપોથેલેમસ

(B) સેરેબ્રમ

(C) આંતરિક કાનની અર્ધચંદ્રાકાર નળીઓની વચ્ચે આવેલું દ્રવ્ય

(D) આંતરિક કાનના કોક્લિયાની રોમ કોષિકાઓ

**012.** રેફ્રીઝરેટરમાં પ્રશીતક તરીકે કામ કરવા વાળું દ્રવ્ય નીચે પૈકી કયું છે ?

(A) દ્રવીય કાર્બન ડાયોક્સાઇડ (B) દ્રવીય નાઇટ્રોજન

(C) દ્રવીય એમોનીયા (D) અતિ શીતલ જળ

**013.** નિમ્નલિખિત કથનો ઉપર વિચાર કરો :

(૧) ઓઝોન એ ઓક્સિજનનો જ એક અપરૂપી (Allotropic) છે.

(૨) ફોસ્ફોરસ ડી.એન.એ. અને આર.એન.એ. બંન્નેમાં મળી આવે છે.

(૩) હેલોજન પ્રકૃતિમાં મુક્ત રૂપે મળી આવે છે.

(૪) ક્લોરિનના કમ્પાઉન્ડ શીતલક એજન્ટ તરીકે ઉપયોગમાં લેવાય છે.

ઉક્ત સંદર્ભે નીચે પૈકીના વિકલ્પ ધ્યાનમાં લેવાના રહે :

(A) ફક્ત કથન ૧ અને ૪ સાચા છે (B) ફક્ત કથન ૨ અને ૪ સાચા છે

(C) ફક્ત કથન ૩ અને ૪ સાચા છે (D) ફક્ત કથન ૧ અને ૨ સાચા છે



PariksaPath . pariksapath.in

014. 'રચના રૂડી છંદમાં તે કવિતા નવ હોય,
અર્થ ચમ્તકૃતિ ચિત્ર, તે કવિતા રસથી હોય'
ઉપર જણાવેલ પંક્તિ કવિતા અંગેની સમજ દર્શાવે છે તે નીચે પૈકી કયા સર્જકની છે :

(A) દલપતરામ (B) નર્મદ (C) નવલરામ (D) નંદશંકર મહેતા

015. 'પદ્યરચનાની ઐતિહાસિક સમાલોચના' પુસ્તક નીચે પૈકી કોના દ્વારા રચિત છે :
(A) આનંદ શંકર ધ્રુવ (B) રા.વિ. પાઠક (C) કેશવ હર્ષદ ધ્રુવ (D) બ. ક. ઠાકોર

016. નીચે પૈકી કયું નાટક ન્હાનાલાલ દ્વારા રચિત નથી ?
(A) ઇન્દુકુમારી (B) જયા જયંત
(C) જહાંગીર-નૂરજહાન (D) દુ:ખિયારી બચુ

017. 'કંચુકીબંધ' નવલકથાના રચિયાતા કોણ છે ?
(A) ગુલાબદાસ બ્રોકર (B) શિવકુમાર જોષી
(C) ચુનીલાલ મડિયા (D) કરસનદાસ માણેક

018. ગુજરાતમાં સૉનેટ કાવ્યસ્વરૂપને સ્થાયી, દૃઢમૂલ કરી તેને ખીલવવાનું કાર્ય નીચે પૈકી કોણે કરેલ છે ?
(A) બ. ક. ઠાકોર (B) કાન્ત
(C) નરસિંહરાવ દિવેટિયા (D) ઉંમાશંકર જોષી

019. 'મારી બિનજવાબદાર કહાણી' નામક પુસ્તકમાં યુરોપનું પ્રવાસવર્ણન કોણે કર્યું છે ?
(A) ચંદ્રવદન મહેતા (B) કાકા કાલેલકર
(C) કનૈયાલાલ મુનશી (D) રમણલાલ દેસાઇ

020. 'મીરાંતે સિકંદરી' નો લેખક કોણ છે ?
(A) મંઝૂ ઇબ્ન અકબર (B) મીરઝા અહેમદ
(C) મીરઝા મહેમૂદ સિકંદર (D) જીયાઉદ્દીન બર્નીં

021. 'નવચેતન'માસિક નીચે પૈકી કોણે શરૂ કર્યું
(A) બચુભાઇ રાવત (B) વિજયગુપ્ત મૌર્ય
(C) ચાંપશીભાઇ ઉદ્દેશી (D) ઇચ્છારામ સૂ. દેસાઇ

022. તારાઓના મૃત્યુ વિશેની 'ફાયર બૉલ' થિયરીના જનક નીચે પૈકી કોણ છે ?
(A) ડૉ. હોમી ભાભા (B) ડૉ. સ્ટીવન હોકિંગ્સ
(C) ડૉ. વિક્રમ સારાભાઇ (D) ડૉ. પંકજ જોશી

023. વિશ્વની સૌપ્રથમ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી ભારતના કયા રાજ્યમાં શરૂ કરવામાં આવી
(A) કર્ણાટક (B) આંધ્ર પ્રદેશ (C) તમિલનાડુ (D) ગુજરાત


PariksaPath . pariksapath.in

**024.** ગાંધી સ્મારક સંગ્રહાલયની ડિઝાઇન નીચે પૈકી કોણે કરાવી?

(A) ચાર્લ્સ કોરિયા (B) લા કોર્બુઝિયર

(C) બાલકૃષ્ણદોશી (D) લૂઇ કાહ્ન

**025.** મુરાદ બક્ષની ગુજરાતના સુબા તરીકે ૧૬૫૭ માં નિમણૂંક કરવામાં આવી તે મુરાદ બક્ષ નીચે પૈકી કયા સુલ્તાનનો પુત્ર હતો ?

(A) શાહજહાં (B) મહમ્મદ બેગડો (C) જહાંગીર (D) શાઇસ્તાખાન

**026.** ત્રણ નંબર ૧:૨:૩ ના ગુણોત્તરમાં છે અને તેઓનો ગુરૂત્તમ સામાન્ય અવયવ ૧૨ છે. તો આ ત્રણ નંબર નીચે પૈકી કયા છે?

(A) ૪, ૮, ૧૨ (B) ૫, ૧૦, ૧૫ (C) ૧૦, ૨૦, ૩૦ (D) ૧૨, ૨૪, ૩૬

**027.** A, B અને C નો સરેરાશ વજન ૪૫ કિ.ગ્રા. છે. જો A અને B નો સરેરાશ વજન ૪૦ કિ.ગ્રા. છે અને જો B અને C નો સરેરાશ વજન ૪૩ કિ.ગ્રા. છે, તો B નું વજન નીચે પૈકી કેટલું થાય?

(A) ૧૭ કિ.ગ્રા. (B) ૨૦ કિ.ગ્રા. (C) ૨૬ કિ.ગ્રા. (D) ૩૧ કિ.ગ્રા.

**028.** એક નંબરનો ૧/૫ બીજા નંબરના ૫/૮ બરાબર છે. જો પ્રથમ નંબરમાં ૩૫ ઉમેરવામાં આવે તો તે બીજા નંબર કરતા ૪ ગણો થાય છે. તો બીજો નંબર નીચે પૈકી કયો થશે?

(A) ૨૫ (B) ૪૦ (C) ૭૦ (D) ૧૨૫

**029.** અંકિતા અને નિકિતાની ઉંમરનો ગુણાકાર ૨૪૦ છે. જો નિકિતાની ઉંમરના બે ગણા અંકિતાની ઉંમર કરતા ૪ વર્ષ વધુ થાય, તો નિકિતાની ઉંમર કેટલી થાય ?

(A) ૧૨ વર્ષ (B) ૧૩ વર્ષ (C) ૧૪ વર્ષ (D) ૧૧ વર્ષ

**030.** એક વ્યક્તિ રૂ. ૪૦૦ માં ખાંડની ખરીદી કરે છે. કુલ ખાંડમાંથી ૩/૪ ખાંડ ૧૦% ખોટમાં અને બચેલી ખાંડ ૧૦% નફામાં વેચે છે. તો નીચે પૈકી કુલ કેટલા ટકા નફો/ખોટ થયો

(A) ૫% ખોટ (B) ૫ ૧/૨% નફો

(C) ૫ ૧/૧૯% ખોટ (D) ૫ ૫/૧૯% ખોટ

**031.** રૂ. ૧૨૧૦ ને A, B અને C ની વચ્ચે એવી રીતે વહેંચવામાં આવે કે A:B=૫:૪ અને B:C=૯:૧૦ થાય, તો C ને શું મળે?

(A) રૂ. ૩૪૦ (B) રૂ. ૪૦૦ (C) રૂ. ૪૫૦ (D) રૂ. ૪૭૫

**032.** કેટલાક ચોક્કસ સંખ્યામાં કામદારો એક કામને ૧૦૦ દિવસમાં પૂરૂ કરી શકે છે. જો ૧૦ કામદારો ઓછા હોય તો એ જ કામ પૂરૂ કરતા ૧૦ દિવસ વધુ લાગે છે. તો મૂળ કેટલા કામદારો કામ પર હતા?

(A) ૭૫ (B) ૮૨ (C) ૧૦૦ (D) ૧૧૦



PariksaPath . pariksapath.in

033. ૨૦૦ મી અને ૧૫૦ મી. લાંબી બે ટ્રેન ક્રમશઃ ૪૦ કી.મી./કલાક અને ૪૫ કી.મી./કલાકની ઝડપે સમાંતરે દોડે છે.બંન્ને ટ્રેનો જો એક જ દિશામાં દોડતી હોય તો કેટલા સમયમાં એક બીજાને ક્રોસ કરશે?
(A) ૭૨ સેકન્ડ (B) ૧૩૨ સેકન્ડ (C) ૧૯૨ સેકન્ડ (D) ૨૫૨ સેકન્ડ

034. રૂ. ૧૫, ૦૦૦ ના મુદ્દલ ઉપર ૨ વર્ષ માટેના સાદા વ્યાજ અને ચક્રવૃદ્ધિ વ્યાજ વચ્ચેનો તફાવત રૂ. ૯૬ છે, તો વ્યાજનો વાર્ષિક દર શું થશે?
(A) ૮ (B) ૧૦ (C) ૧૨ (D) નક્કી ન કરી શકાય

035. ત્રિકોણનું ક્ષેત્રફળ ૨૧૬ ચો. સે.મી. છે અને ઉક્ત ત્રિકોણની ત્રણેય બાજુઓનો ગુણોત્તર ૩:૪:૫ છે. ઉક્ત ત્રિકોણનું પેરિમીટર શું થશે?
(A) ૬ સે.મી. (B) ૧૨ સે.મી. (C) ૩૬ સે.મી. (D) ૭૨ સે.મી.

036. બે શંકુની ત્રિજ્યાનો ગુણોત્તર ૨:૧ છે અને તેમનું ઘનફળ સમાન છે. બંન્ને શંકુની ઊંચાઇનો ગુણોત્તર શું થશે?
(A) ૧:૮ (B) ૧:૪ (C) ૨:૧ (D) ૪:૧

037. પાઇપ A ૫ કલાકમાં ટેન્ક ભરી શકે છે, પાઇપ B ૧૦ કલાકમાં ટેન્ક ભરી શકે છે અને પાઇપ C 30 કલાકમાં ટેન્ક ભરી શકે છે. જો બધી પાઇપ ખુલ્લી છે તો કેટલા કલાકમાં ટેન્ક ભરાઇ રહે?
(A) ૨ (B) ૨.૫ (C) ૩ (D) ૩.૫

038. જો ૧૨ પેનની ખરીદ કિંમત ૮ પેનની વેચાણ કિંમત જેટલી જ થાય તો નફાની ટકાવારી કેટલી થાય?
(A) ૨૫% (B) ૩૩ ૧/૩% (C) ૫૦% (D) ૬૬ ૨/૩%

039. ઇનપુટ ડિવાઇસ તરીકે ડિજીટાઇઝરનો ઉપયોગ શું છે?
(A) ગ્રાફિકલ અને પિક્ટોરિયલ ડેટાને બાઇનરી ઇનપુટમાં બદલવા માટે
(B) ગ્રાફિકલ અને પિક્ટોરિયલ ડેટાને એનાલોગ ઇનપુટમાં બદલવા માટે
(C) ડિબગીન્ગ માટે
(D) કોમ્પ્યુટરને રિયલ વર્લ્ડમાંથી ઘટનાઓનો ઇનપુટ આપવા માટે

040. પીક સેલ રેટ (Peak Cell Rate), સસ્ટેનેબલ સેલ રેટ (Sustainable Cell Rate), અને મેક્સિમમ બર્સ્ટ સાઇઝ (Maximum Burst Size) નીચે પૈકી કોના માપન માટે વપરાય છે?
(A) એમ્પ્લીટ્યુડ ડિસ્ટોર્શન (B) ચેનલની ક્ષમતા
(C) બેન્ડવીથ (D) ફ્રીક્વન્સી મોડ્યુલેશન

041. નીચે પૈકી કયું પ્રથમ વ્યવસાયિક ટ્રાન્સીસ્ટર કોમ્પ્યુટર છે?
(A) EDSAC (B) Metrovick 950
(C) SIRAC (D) Zuse Z4



PariksaPath . pariksapath.in

**042.** નીચે પૈકી કી- બોર્ડ (Key Board) શું છે?

(A) ઇનપુટ ડિવાઇસ

(B) આઉટપુટ ડિવાઇસ

(C) વર્ડ પ્રોસેસિંગ

(D) ગ્રાફિકલ ડિવાઇસ

**043.** નીચે પૈકી કયા લો લેવલ લેન્ગવેજીસ (Low Level Languages) ના પ્રકાર છે?

(A) મશીન લેવલ અને એસેમ્બ્લી લેવલ

(B) અલ્ગોરિથમ્સ અને એસેમ્બ્લી લેવલ

(C) એસેમ્બ્લી લેવલ અને બાયનરી લેવલ

(D) મશીન લેવલ અને અલ્ગોરિથમ્સ

**044.** CAT2 કેબલની બેન્ડવીડ્થ લિમિટ નીચે પૈકી કેટલી હોય છે?

(A) ૧ Mbps સુધી

(B) ૪ Mbps સુધી

(C) ૧૦ Mbps સુધી

(D) ૧૦૦ Mbps સુધી

**045.** બેન્કિંગ ટેક્નોલોજી સંદર્ભે ISO 9362 નીચે પૈકી શેનાથી સંબંધિત છે?

(A) RTGS ટ્રાન્સફર

(B) NEFT ટ્રાન્સફર

(C) SWIFT ટ્રાન્સફર

(D) ઉપરના બધા

**046.** ઇન્ટરનેટ સર્વિસ પ્રોવાઇડર્સ દ્વારા ઇનકમિંગ DSL કનેક્શનને ઇન્ટરનેટ તરફ રૂટ કરવા માટે DSLAM નામનું ડિવાઇસ ઉપયોગમાં લેવાય છે. DSLAM નું પૂરુ નામ નીચે પૈકી કયુ છે?

(A) Digital Secure Line Access Multiplier

(B) Digital Subscriber Line Access Multiplier

(C) Digital Service Line Access Multiplexer

(D) Digital Subscriber Line Access Multiplexer

**047.** નીચે પૈકી કોણ કંટ્રોલ યુનિટ દ્વારા આપવામાં આવતા નિર્દેશ અનુસાર ડેટાને કામચાલાઉ ધોરણે સ્ટોર કરે છે અને જરૂર પડ્યે કંટ્રોલ યુનિટને મોકલી આપે છે?

(A) એડ્રેસ

(B) રજીસ્ટર

(C) નંબર

(D) મેમરી

**048.** UPS નું પૂરુ નામ શું છે?

(A) Unplugged Power Supply

(B) Uninterrupted Power Source

(C) Unknown Power Source

(D) Uninterruptible Power Supply

**049.** Ctrl, Shift અને Alt કી ને નીચે પૈકી કયા પ્રકારની કી કહેવાય?

(A) મોડીફાયર

(B) ફંક્શન

(C) આલ્ફાન્યુમેરિક

(D) એડજસ્ટમેન

**050.** નીચે પૈકી કયા સોફ્ટવેરને એન્ડ- યુઝર (End User) સોફ્ટવેર કહેવાય?

(A) DOS

(B) સિસ્ટમ સોફ્ટવેર

(C) એપ્લીકેશન સોફ્ટવેર

(D) ઓપરેટીંગ સોફ્ટવેર



PariksaPath . pariksapath.in

**051.** ૧ નિબ્બલ (Nibble) એટલે નીચે પૈકી શું?

(A) ૪ બિટ્સ (B) ૪ બાઇટ્સ (C) ૮ બાઇટ્સ (D) ૮ બિટ્સ

**052.** ભારતમાં ખેતીના પાકને વધાવતા ઉત્સવો અંગે નીચે પૈકી સાચો વિકલ્પ પસંદ કરો

| | |
|---|---|
| ૧. અસમ | અ. લોહરી |
| ૨. તમિલનાડુ | બ. બિહુ |
| ૩. કેરાલા | ક. પોંગલ |
| ૪. પંજાબ | ડ. ઓણમ |

(A) ૧-બ; ૨-ક; ૩-અ; ૪-ડ (B) ૧-અ; ૨-બ; ૩-ક; ૪-ડ

(C) ૧-બ; ૨-ક; ૩-ડ; ૪-અ (D) ૧-અ; ૨-ડ; ૩-ક; ૪-બ

**053.** સમાચાર પત્રોમાં જોવા મળતો 'સાગર દ્વીપ' (Sagar Island) નીચે પૈકી કયા રાજ્યમાં આવેલ છે ?

(A) ઓડિશા (B) પશ્ચિમ બંગાળ (C) ગુજરાત (D) કર્ણાટક

**054.** નીચે પૈકી ડાર્ક જીનોમ (Dark Genome) નો અર્થ શું થાય ?

(A) એવું જિનોમ જેમાં ફક્ત DNA જ હોય

(B) દોષપૂર્ણ જીનોમ

(C) આપણા માનવ જીનની બહાર મળી આવેલ DNA

(D) એવું જીનોમ જે ઝડપથી ઉત્પરિવર્તિત (Mutate) થાય.

**055.** સઘન મિશન ઇન્દ્રધનુષ ૪.૦ (Intensified Mission Indradhanush 4.0) ના સંબંધમાં નીચે પૈકીના કથનો ધ્યાનમાં લો ?

(૧) આ મિશન આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ અને મહિલા અને બાળ વિકાસ મંત્રાલય ની સંયુક્ત પહેલ છે.

(૨) આ યોજનાનું વિશેષ ફોકસ આદીવાસે બહુલ જિલ્લાઓ પર છે.

નીચે પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો :

(A) ફક્ત ૧

(B) ફક્ત ૨

(C) કથન (૧) અને (૨) બંન્ને સાચા

(D) કથન (૧) અને (૨) બંન્નેમાંથી એક પણ સાચુ નથી.

**056.** સમાચાર પત્રોમાં જોવા મળતું 'ઓપરેશન આહત' નીચે પૈકી કોનાથી સંબંધિત છે ?

(A) સાયબર સુરક્ષા

(B) માનવ તસ્કરી

(C) વિદેશી પ્રજાતિઓનો અવૈધ વ્યાપાર

(D) નક્સલીઓની શોધવાનું ભારત સરકારનું વિશેષ અભિયાન.



PariksaPath . pariksapath.in

057. વન ઓસિયન સમિટ (One Ocean Summit) સંદર્ભે નીચેના કથન ધ્યાનમાં લો:
(૧) આનુ આયોજન સંયુક્ત રાષ્ટ્ર અને વિશ્વ બેંકના સહયોગથી ફ્રાંસ દ્વારા આયોજિત કરવામાં આવ્યું.
(૨) આ શિખર સંમેલનનો ઉદ્દેશ્ય ૨૦૫૦ સુધી મહાસાગરોને પ્લાસ્ટિક મુક્ત બનાવવાનો છે.

નીચે પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો:

(A) ફક્ત ૧
(B) ફક્ત ૨
(C) કથન (૧) અને (૨) બંન્ને સાચા
(D) કથન (૧) અને (૨) બંન્નેમાંથી એક પણ સાચુ નથી.

058. એમ-આર.એન.એ. (mRNA) વેક્સિન સંદર્ભે નીચેના કથન ધ્યાનમં લો:
(૧) આ વેક્સિન ગૈર-સંક્રામક છે.
(૨) આ સેલ્યુલર પ્રતિરક્ષાની સાથે સાથે હ્યુમોરલ પ્રતિરક્ષા (Humoral Immunity) પ્રદાન કરે છે.

નીચે પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો:

(A) ફક્ત ૧
(B) ફક્ત ૨
(C) કથન (૧) અને (૨) બંન્ને સાચા
(D) કથન (૧) અને (૨) બંન્નેમાંથી એક પણ સાચુ નથી

059. નીચેના પૈકી ક્યાં ક્ષેત્ર અફીણના ઉત્પાદન અને પૂરવઠા માટેના વૈશ્વિક રીતે કુખ્યાત છે?
(A) સુવર્ણ ત્રિકોણ (golden triangle)
(B) સુવર્ણ અર્ધચંદ્ર (golden crescent)
(C) ઉપરના બંન્ને
(D) ઉપર પૈકી એકપણ નહીં

060. સમાચાર પત્રોમાં જોવા મળતા 'જલ્લિકટ્ટુ ઉત્સવ' ના સંબંધમાં નીચેના કથન ધ્યાનમાં લો:
(૧) આ ઉત્સવ આંધ્રપદેશનો પારંપરિક ઉત્સવ છે.
(૨) આ ઉત્સવનો ઇતિહાસ સંગમકાળનો માનવામાં આવે છે.

નીચે પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો:

(A) ફક્ત ૧
(B) ફક્ત ૨
(C) કથન (૧) અને (૨) બંન્ને સાચા
(D) કથન (૧) અને (૨) બંન્નેમાંથી એક પણ સાચુ નથી.

061. સમાચાર પત્રોમાં જોવા મળતું સમર્થ (SAMARTH) નીચે પૈકી શેનાથી સંબંધિત છે?
(A) સ્થાનીય શાસનને મજબૂત કરવાથી
(B) રાજકોષીય સમેકન (Fiscal Consolidation)
(C) ઇલેક્ટ્રીક વાહન આધારભૂતસંરચના (Infrastructure)
(D) બાયોમાસ/જૈવભાર ઉપયોગ


PariksaPath . pariksapath.in

062. વર્તમાન પત્રમાં જોવામાં આવતો શબ્દ 'ટેટ્રાહાઇડ્રોકેનાબીનોલ (Tetrahydrocannabinol)' નો અર્થ શું છે ?

(A) ઓઝોનના આવરણમાં ક્ષરણ કરતો ગેસ
(B) અશ્મીજન્યબલાતનના વિકલ્પ તરીકે શોધાયેલ બળતણ
(C) ગાંજામાં રહેલ પ્રાથમિક નશાકારક દ્રવ્ય
(D) કોરોના વાઇરસ સામે રક્ષણ આપતી રસી

063. નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ (NDPS) એક્ટ, ૧૯૮૫ કયા નીચેના પૈકી કોના વહીવટી નિયંત્રણ હેઠળ આવે છે ?

(A) ગૃહ મંત્રાલય
(B) સુરક્ષા મંત્રાલય
(C) નાણા મંત્રાલય
(D) પ્રધાનમંત્રીકાર્યાલય

064. નીચેનું જોડકું જોડો:

| સૂચિ – 1 | સૂચિ – 2 |
|---|---|
| a. ગુજરાતની સૌથી મોટી નદી | 1. સાબરમતી |
| b. સૌરાષ્ટ્રની સૌથી મોટી નદી | 2. નર્મદા |
| c. ગુજરાતની સૌથી લાંબી નદી | 3. ભાદર |
| d. કચ્છની સૌથી મોટી નદી | 4. ખારી |

(A) a – 3, b – 2, c – 4, d – 1
(B) a – 2, b – 3, c – 1, d – 4
(C) a – 4, b – 1, c – 3, d – 2
(D) a – 4, b – 2, c – 1, d – 3

065. કોરીઓલીસ બળ પાછળ જવાબદાર કારણ શું છે ?

(A) પૃથ્વીનું પરિભ્રમણ (Rotation)
(B) પૃથ્વીનું પરીક્રમણ (Revolution)
(C) (A) અને (B) બંને
(D) એકપણ નહીં

066. સૌપ્રથમ ______ ખડકોની ઉત્પતિ થઇ હોવાથી તે પ્રાથમિક ખડકો તરીકે પણ ઓળખાય છે.

(A) અગ્નિકૃત ખડકો (B) પ્રસ્તર ખડકો (C) રૂપાંતરિત ખડકો (D) વિકૃત ખડકો

067. ભારતીય વર્ષાઋતુ (monsoon) પરિપેક્ષ્યમાં નીચેના પૈકી કઈ જેટ સ્ટ્રીમ ભાગ ભજવે છે ?

(૧) પૂર્વીય જેટસ્ટ્રીમ
(૨) સબ ટ્રોપિકલ જેટસ્ટ્રીમ
(૩) ધ્રુવીય જેટસ્ટ્રીમ

નીચેના વિકલ્પોમાંથી સાચો જવાબ પસંદ કરો

(A) માત્ર ૧ (B) માત્ર ૨ (C) ૧ અને ૨ (D) ૧, ૨ અને ૩

068. નીચેના પૈકીનું કયું બંદર ગુજરાત સૌથી મોટું ખાનગી બંદર છે ?

(A) કંડલા બંદર (B) પીપાવાવ બંદર (C) મુન્દ્રા બંદર (D) નવલખી બંદર

069. દાંતીવાડા ડેમ કઈ નદી પર સ્થિત છે ?

(A) સરસ્વતી (B) સાબરમતી (C) બનાસ (D) પુષ્પાવતી



PariksaPath . pariksapath.in

**070.** નીચે પૈકી કયું ઘટક તત્વ દરિયાઇ પાણીની ખારાશની સૌથી ઓછી સાંદ્રતા ધરાવે છે?
(A) સલ્ફેટ (B) મેગ્નેશિયમ (C) પોટેશિયમ (D) ક્લોરાઇડ

**071.** નીચેના વિધાનો ધ્યાનમાં લો:
(૧) ધૂઆધાર ધોધ નર્મદા નદી પર મહારાષ્ટ્રમાં આવેલો છે.
(૨) અમરકંટકની પહાડીઓમાથી નર્મદાનું ઉદગમ થાય છે, જે મધ્યપ્રદેશમાં આવેલ છે.
(૩) પીરમબેટ ખાતે નર્મદા નદીનું મુખ આવેલું છે.
નીચેના પૈકી સાચો વિકલ્પ પસંદ કરો:
(A) માત્ર ૨
(B) માત્ર ૨ અને ૩
(C) ૧,૨અને ૩
(D) એક પણ નહીં

**072.** ક્યાં પાકના ઉત્પાદનમાં ગુજરાત સમગ્ર ભારતમાં મોખરે છે?
(A) ઘઉં (B) બાજરી (C) ડાંગર (D) એરંડો

**073.** ઉનાળાના દિવસોમાં સ્વયં ખેડાતી જમીન તરીકે પ્રખ્યાત જમીન કઈ છે?
(A) કાંપની જમીન (B) રાતી જમીન (C) કાળી જમીન (D) ખાર જમીન

**074.** ગુજરાતમાં લિગ્નાઇટની ખાણો માટે પ્રખ્યાત ક્ષેત્ર કયું છે?
(A) બનાસકાંઠા જીલ્લાનો અંબાજી વિસ્તાર
(B) દાહોદ જીલ્લાના દેવગઢબારિયા તાલુકામાં
(C) કચ્છ જીલ્લાનું પાનન્ધ્રો ક્ષેત્ર
(D) છોટા ઉદેપુર જીલ્લામાં

**075.** ભારતમાં નીચેના પૈકી ક્યા રાજ્યને સૌથી લાંબો દરિયાકિનારો છે?
(A) પશ્ચિમ બંગાળ (B) ગુજરાત (C) મહારાષ્ટ્ર (D) કર્ણાટક

**076.** ગુજરાતમાં નીચે દર્શાવેલ શાસકોની કાળ ક્રમાનુસાર ગોઠવણી કરો.
(૧) મૌર્યયુગ
(૨) સોલંકી યુગ
(૩) ગુપ્તયુગ
(૪) વાઘેલા યુગ
(A) ૧, ૪, ૨, ૩ (B) ૧, ૩, ૨, ૪ (C) ૧, ૨, ૪, ૩ (D) ૧, ૩, ૪, ૨

**077.** નીચેના પૈકી કયા મુગલ બાદશાહનો જન્મ ગુજરાતમાં થયો હતો ?
(A) અકબર (B) જહાંગીર (C) શાહજહાં (D) ઔરંગઝેબ

**078.** ખેડા સત્યાગ્રહનાના સંદર્ભમાં નીચેના વિધાનોની તપાસ કરો:
(૧) ખેડા જિલ્લામાં અનાવૃષ્ટિના કારણે પાક નિષ્ફળ જતા આ આંદોલન થયું હતું.
(૨) આ અંદોલનમાં મોહનલાલ પંડ્યાને ગાંધીજીએ "ડુંગળીચોર"નું બિરુદઆપેલું.
નીચેના પૈકી સાચો વિકલ્પ પસંદ કરો:
(A) માત્ર ૧ (B) માત્ર ૨ (C) ૧ અને ૨ (D) એકપણ નહીં


PariksaPath . pariksapath.in

079. સિંધુ ઘાટી સભ્યતાનું નીચેના પૈકી કયું સ્થળ ગુજરાતમાં આવેલું છે?
(A) મોહેં-જો દડો (B) કોટ દીજી (C) કાલીબંગા (D) દેસલપુર

080. ૧૮૫૭ની આઝાદી માટેની પ્રથમ લડત પાછળના જવાબદાર કારણો કયા ક્યા હતા?
(૧) ડેલહાઉસીની નીતિઓ
(૨) સરકારમાં નીચેના સ્તર પર વ્યાપ્ત ભ્રષ્ટાચાર
(૩) બ્રિટીશ શાસનની આર્થિક શોષણકારી નીતિઓ
નીચેના પૈકી સાચો વિકલ્પ પસંદ કરો
(A) ૧ અને ૨ (B) ૨ અને ૩ (C) ૧ અને ૩ (D) ૧, ૨ અને ૩

081. સ્વામી દયાનંદ સરસ્વતીના સબંધમાં ખોટું વિધાન પસંદ કરો.
(A) 'વેદો તરફ પાછા વળો'નો નારો આપ્યો
(B) તેઓ મૂર્તિ પૂજા અને કર્મકાંડના વિરોધી હતા
(C) તેઓએ બ્રહ્મો સમાજની સ્થાપના કરી
(D) તેમનો જન્મ ગુજરાતમાં હાલના મોરબી જિલ્લામાં થયો હતો

082. દિલ્હી સલ્તનતનો સુલતાન, કે જેણે અણહિલવાડનો નાશ કરીને ગુજરાતને દિલ્હી સાથે જોડી દીધું અને ગુજરાત ૧૪ મી સદીમાં તેના નિયંત્રણ હેઠળ રહેલ હતું, તે સુલ્તાન કોણ હતો?
(A) ચંગેઝ ખાન (B) તૈમુર (C) અલાઉદ્દીન ખિલજી (D) અકબર

083. માધવપુરના સંદર્ભમાં નીચેના વિધાનોની તપાસ કરો.
(૧) માધવપુરનો મેળો ગુજરાતને અરુણાચલ પ્રદેશની મિશ્મી પ્રજાતિ સાથે જોડે છે.
(૨) શ્રી વલ્લભાચાર્ય દ્વારા સ્થાપિત ૮૪ બેઠકો પૈકી એક બેઠક અહીં આવેલ છે.
નીચેના પૈકી સાચો વિકલ્પ પસંદ કરો:
(A) માત્ર ૧ (B) માત્ર ૨ (C) ૧ અને ૨ (D) એકપણ નહીં

084. વિદેશમાં સક્રિય નીચેના ક્રાંતિકારીઓ પૈકી કોનો જન્મ ગુજરાતમાં થયો હતો?
(૧) શ્યામજી કૃષ્ણ વર્મા
(૨) સરદારસિંહ રાણા
(૩) ભીખાજી કામા
નીચેના પૈકી સાચો વિકલ્પ પસંદ કરો:
(A) માત્ર ૧ (B) ૧ અને ૨ (C) ૧ અને ૩ (D) ૧, ૨ અને ૩

085. ભારતની આઝાદી બાદ સૌરાષ્ટ્રનું એકીકરણ થતા સ્થપાયેલા સૌરાષ્ટ્ર રાજ્યના મુખ્યમંત્રી કોણ હતા?
(A) દિગ્વિજયસિંહ (B) ઇન્દુલાલ યાજ્ઞિક
(C) ઉછંગરાય ઢેબર (D) બળવંતરાય મહેતા



PariksaPath . pariksapath.in

086. મહાગુજરાત આંદોલનના સંદર્ભમાં નીચેના વિધાનોની તપાસ કરો.

(૧) મહાગુજરાત આંદોલન દ્વિભાષી બૃહદ મુંબઈ રાજ્યમાંથી ગુજરાતી ભાષા બોલતા લોકો માટે અલગ ગુજરાત રાજ્ય માટે શરૂ થયેલું રાજકીય આંદોલન હતું.

(૨) આંદોલનની સફળતા બાદ ગુજરાત રાજ્યની રચના થઇ જીવરાજ મહેતા જેના પ્રથમ મુખ્યમંત્રી બન્યા.

નીચેના પૈકી સાચો વિકલ્પ પસંદ કરો:

(A) માત્ર ૧ (B) માત્ર ૨ (C) ૧ અને ૨ (D) એકપણ નહીં

087. નીચેની વિગતો તપાસો:

| સામાજિક સુધારક | સ્થાપિત સંસ્થા |
|---|---|
| ૧. ઠક્કરબાપા | પંચમહાલ ભીલ સેવા મંડળ |
| ૨. દુર્ગારામ મહેતા | માનવ ધર્મ સભા |
| ૩. નર્મદાશંકર અને કરશનદાસ | બુદ્ધિવર્ધક હિંદુ સભા |

નીચેના પૈકી સાચો વિકલ્પ પસંદ કરો:

(A) માત્ર ૧ (B) ૧ અને ૩
(C) ૧ અને ૨ (D) ૧, ૨ અને ૩

088. નીચેનામાંથી કયું/કયા રાજ્ય નીતિના નિર્દેશક સિદ્ધાંતોનો ભાગ છે ?

(૧) પુરૂષો અને સ્ત્રીઓને આજીવિકાના પર્યાપ્ત સાધનનો સમાન અધિકાર છે.

(૨) આર્થિક અથવા અન્ય અશક્તતાના કારણે કોઈપણ નાગરિક ન્યાય મેળવવાની તકોથી વંચિત ન રહી જાય તે સુનિશ્ચિત કરવા રાજ્ય નિ:શુલ્ક કાયદાકીય સહાય પૂરી પાડશે.

નીચે આપેલા વિકલ્પોનો ઉપયોગ કરીને યોગ્ય જવાબ પસંદ કરો:

(A) ફક્ત ૧ (B) ફક્ત ૨
(C) ૧ અને ૨ બંને (D) એક પણ નહી

089. ભારતની સર્વોચ્ચ ન્યાયાલય એ બંધારણની મૂળભૂત ઢાંચાના સિદ્ધાંતનું પ્રતિપાદન નીચે પૈકી કયા કેસમાં કર્યું છે ?

(A) ચંપાકમ દોરાઈરાજન વિરુદ્ધ મદ્રાસ રાજ્ય

(B) સજ્જનસિંહ વિરુદ્ધ રાજસ્થાન રાજ્ય

(C) કેશવાનંદ ભારતી વિરુદ્ધ કેરળ રાજ્ય

(D) શંકરી પ્રસાદ વિરૂદ્ધ ભારત સંઘ



PariksaPath . pariksapath.in

**090.** નીચે આપેલમાંથી કઈ શક્તિઓ લોકસભાને રાજ્યસભાની તુલનામાં અનન્ય રૂપથી પ્રાપ્ત છે?

(૧) ધન વિધેયક ફક્ત લોકસભામાં જ રજુ કરી શકાય છે.

(૨) ધન વિધેયકના નિરસ્તીકરણ અથવા સુધારાના સંબંધમાં

(૩) મંત્રી પરિષદના ઉત્તરદાયિત્વના સંબંધમાં

(૪) અખિલ ભારતીય સેવાઓના સર્જનના સંબંધમાં

નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરો

(A) ૧ અને ૪
(B) માત્ર ૧, ૨ અને ૩
(C) માત્ર ૧, ૩ અને ૪
(D) માત્ર ૨, ૩ અને ૪

**091.** જ્યારે લોકસભા અને રાજ્યસભા વચ્ચે સહમતિ ન સધાય ત્યારે સંસદના બંન્ને ગૃહોની સંયુક્ત બેઠક બોલાવવામાં આવે છે. આ પ્રકારની સંયુક્ત બેંઠક નીચે પૈકી કોના માટે બોલાવવામાં આવે છે?

(૧) સામાન્ય ખરડા માટે

(૨) નાણા બિલ માટે

(૩) સંવૈધાનિક સંશોધન બિલ માટે

નીચે પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો:

(A) માત્ર ૧
(B) માત્ર ૨ અને ૩
(C) માત્ર ૧ અને ૩
(D) ૧, ૨ અને ૩ તમામ

**092.** ૧૯૦૯ નો અધિનિયમ મોર્લે-મિન્ટોના સુધારા તરીકે પણ ઓળખવામાં આવે છે, તેના સંબંધે નીચેના વિધાન પર ચર્ચા કરો.

(૧) કેન્દ્રીય અને પ્રાંતીય વિષયો અલગ કરવામાં આવ્યા.

(૨) પ્રાંતીય સ્તરે આરક્ષિત અને હસ્તાંતરિત એમ બે વિષયો અલગ કરવામાં આવ્યા.

(૩) સાંપ્રદાયિક પ્રતિનિધિત્વ પ્રણાલીની શરૂઆત થઇ.

નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરો

(A) માત્ર ૧
(B) ૧ અને ૨
(C) માત્ર ૩
(D) ઉપરના તમામ

**093.** ભારતના બંધારણમાં રહેલ મૌલિક ફરજોને અનુલક્ષીને નીચેના વિધાનો પર ચર્ચા કરો.

(૧) મૌલિક ફરજો ૪૨માં બંધારણીય સુધારાથી બંધારણમાં દાખલ કરવામાં આવેલ હતી.

(૨) મૌલિક ફરજો ભારતીય રાજ્યક્ષેત્રમાં રહેલ તમામ વ્યક્તિઓને લાગુ પડે છે.

નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરો

(A) ફક્ત ૧
(B) ફક્ત ૨
(C) ૧ અને ૨ બંને
(D) એક પણ નહી



PariksaPath . pariksapath.in

094. શિક્ષાનો અધિકારના અમલીકરણ માટે કરવામાં આવેલ ૮૬માં બંધારણીય સુધારા દ્વારા બંધારણના નીચેના પૈકી ક્યાં ભાગમાં સુધારા કરવામાં આવ્યા ?
(A) ભાગ-૩ મૌલિક અધિકાર
(B) ભાગ-૪ રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો
(C) ભાગ-૪અ મૌલિક ફરજો
(D) ઉપરના તમામ.

095. ભારતીય બંધારણ હેઠળ નીચે પૈકીની કઈ મૌલિક ફરજો નથી.
(A) જાહેર ચૂંટણીમાં મતદાન કરવું
(B) વૈજ્ઞાનિક માનસનો વિકાસ કરવો
(C) જાહેર સંપત્તિની સુરક્ષા કરવી
(D) બંધારણનું પાલન કરવું અને તેના આદર્શોનું સન્માન કરવું

096. ભારતમાં સૌપ્રથમ મ્યુનિસિપલ કોર્પોરેશનની નીચે પૈકી કઇ જગ્યાએ સ્થાપના કરવામાં આવી હતી:
(A) કલકત્તા
(B) મદ્રાસ
(C) બોમ્બે
(D) દિલ્લી

097. નાણા પંચની ભલામણો હેઠળ કેન્દ્રીય સંચિત નિધિમાંથી રાજ્યોને કરવામાં આવતી ગ્રાન્ટની ફાળવણીને શું કહેવામાં આવે છે ?
(A) વિકાસલક્ષી ગ્રાન્ટ
(B) વિવેકાધીન ગ્રાન્ટ
(C) વૈધાનિક ગ્રાન્ટ
(D) બિનમતપાત્ર ગ્રાન્ટ

098. સર્વોચ્ચ ન્યાયાલયનો નીચે પૈકીનો કયો ચૂકાદો કેન્દ્ર રાજ્ય સંબંધોને માટે માર્ગદર્શક છે ?
(A) કેશવાનંદ ભરતી વિરુધ કેરળ રાજ્ય
(B) મેનકાગાંધી વિરુધ ભારત સંઘ
(C) એસ. આર. બોમ્માઈ વિરુદ્ધ ભારત સંઘ
(D) ઈન્દ્રા સહાની વિરુદ્ધ ભારત સંઘ

099. આઈ.આર.કોએલ્હોનો સીમારૂપ ચૂકાદો શેના સાથે સંબંધિત છે ?
(A) રાજ્યપાલ અને રાષ્ટ્રપતિની માફી આપવાને સત્તાને સંબંધિત
(B) બંધારણની નવમી અનુસૂચીની ન્યાયિક સમીક્ષાને સંબંધિત
(C) ઈચ્છામૃત્યુંને સંબંધિત
(D) બેન્કોના રાષ્ટ્રીયકરણને સંબંધિત

100. નીચેના પૈકી કયા વિવાદમાં સર્વોચ્ચ અદાલત મૂળભૂત અધિકાર ક્ષેત્ર ધરાવે છે ?
(૧) ભારત સરકાર અને એક કે વધુ રાજ્યો વચ્ચેના વિવાદ
(૨) બે કે વધુ રાજ્યો વચ્ચેનો વિવાદ
(૩) કોઈ વ્યક્તિ/સંસ્થા અને ભારત સરકાર વચ્ચેનો વિવાદ
નીચેના પૈકી સાચો વિકલ્પ પસંદ કરો.
(A) ૧ અને ૨
(B) ૨ અને ૩
(C) ૧ અને ૩
(D) ૧, ૨ અને ૩

---


PariksaPath . pariksapath.in